**Research Review** **ISSN: 2321- 4708**
**The Refereed & Peer Review International Journal** **Oct. 2021, Year - 8 (102)**
**www.researchreviewonline.com** **Paper ID: RRJ415464**

# અર્થશાસ્ત્રમાં સામાજિક વિકાસનો ખ્યાલ

**પ્રો. વીણા અગ્રવાલ**
**અર્થશાસ્ત્ર વિભાગ,**
**ઠાકોરશ્રી મૂળવાજી વિનયન કોલેજ, કોટડાસાંગાણી**

---

રાષ્ટ્રની સ્વતંત્રાને ૬૦ વર્ષ પૂર્ણ થયા છે. સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન સ્વ. જવાહરલાલ નહેરુએ સ્વતંત્રતાની સંધ્યાએ બંધારણ સભા સમક્ષ સંબોધન કરતી વેળાએ જે વાતો ઉપર ભાર મૂકયો હતો તેમાં ગરીબી, અજ્ઞાનતા, ગંદકી અને તકની અસમાનતાનું વાતાવરણ દૂર કરીને રાષ્ટ્ર ઝડપથી સંગીન સુરાજયના માહોલમાં સ્વચ્છ હવા-ઉજાસ પ્રાપ્ત કરી શકશે તેવો કોલ આપ્યો હતો. આજે આપણો દેશ ૨૧મી સદીના પ્રારંભિક તબક્કે કૂદકે ને ભૂસકે ઝડપથી આગળ વધી રહ્યો છે. તાજેતરમાં વિશ્વબેન્ક અને આંતરરાષ્ટ્રીય નાણાંભડોળે પણ ભારતના વિકાસદર સંદર્ભે ભારતને વિશ્વની પ્રથમ પંક્તિના ઝડપથી વિકસતા રાષ્ટ્રોમાં સ્થાન આપેલ છે. ૧૯૫૦માં ગરીબીનું પ્રમાણ ૫૦ ટકાથી પણ વધારે હતું તે ઘટીને વીસમી સદીના અંતે ૩૦ ટકાથી નીચે ગયું છે. ૧૯૫૧માં રાષ્ટ્રના સાક્ષરતા દરનું પ્રમાણ ૨૦ ટકા હતું જે વધીને ૨૦૦૧માં ૬૫ ટકા જેટલું થયું છે. અલબત્ત જીન ફ્રીઝ અને અમર્ત્ય સેને તેમના પુસ્તકમાં ૧૯૯૫માં જણાવેલ તે કથન આજે દશકા પછી પણ હજી એટલું જ યથાર્થ છે કે 'ભારત સામાજિક વિકાસના સંદર્ભે આજે જયાં છે ત્યાંથી હજી ઘણું આગળ આવી શકવાની પૂરી ક્ષમતા ધરાવે છે. સામાજિક વિકાસના સંદર્ભે ભારતનું ચિત્ર સંતોષકારક નથી.'

અમર્ત્ય સેનના લખાણોમાં સામાજિક વિકાસની વિભાવનાની વિસ્તારપૂર્વક છણાવટ કરવામાં આવી છે. તેમના મતે સામાજિક વિકાસ સાધનમૂલ્ય છે એટલે કે વિકાસનું ઉપકરણ છે તો બીજી તરફ સામાજિક વિકાસ અંતઃનિહીત મૂલ્ય છે એટલે કે તે સ્વયં સાધ્ય પણ બને છે. ખાસ કરીને ક્ષમતા વૃદ્ધિ અને સ્વાતંત્ર્ય વૃદ્ધિના ધ્યેય સ્વરૂપે સામાજિક વિકાસ સાધ્ય પણ છે. સંસ્થાઓને વ્યકિતઓ પ્રત્યે જવાબદાર બનાવવી જેનાથી તે કેટલાક પસંદ



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-102-october-2021/RRJ415464

ISSN: 2321- 4708
Oct. 2021, Year - 8 (102)
Paper ID: RRJ415464

કરેલ વ્યકિતઓ અને સમુહને માટે નહીં, પરંતુ સમાજના બધા વિભાગોના હિતને માટે કાર્ય કરી શકે.

**૧.૪.૧ સામાજિક વિકાસના મહત્વપૂર્ણ નિર્દેશકો અને સંકેતકો**

(૧) જીવનસ્તરમાં પરિવર્તન દર

(૨)ગરીબી નિવારણ

(૩) શિક્ષણનો વિસ્તાર

(૪) રોજગારના સ્તરમાં વૃદ્ધિ

(૫) સામાજિક ન્યાય અર્થાત અવસરોનું સમાન વિતરણ

(6) નબળા વર્ગોનો ઉત્કર્ષ

(૭) જીવનની વિવિધ મુશ્કેલીઓ અને વિષમતાઓથી સુરક્ષા

(૮) સમાજ કલ્યાણ સુવિધાઓમાં સુધારો

(૯) અસમાનતાઓનું ઉન્મુલન પ્રાદેશિક, વિભાગીય તથા સામાજિક

(૧૦) સ્વાસ્થ્ય સરંક્ષણ તેમજ વિકાસ

(૧૧) પર્યાવરણ સંરક્ષણ

(૧૨) વિસ્તાર કાર્યક્રમોમાં બધાની ભાગીદારી જેમાં ગુણ તથા સંરચનાત્મક બંને પ્રકારના પરિવર્તન સામેલ હોય.

૧.૪.૨સામાજિક વિકાસની વિશેષતાઓ

(૧) સાર્વ ભૌમિક પ્રક્રિયા:

બધા સમાજ સત્તા પરિવર્તિત થતાં રહે છે. સમાજનો વિકાસ નિશ્ચિત ચરણોમાં થાય છે, વિકાસ સરળથી જટિલ, ન્યૂનતમ વિભેદીક રણથી અધિકતમ વિભેદીક રણની તરફ તથા નિપુણતાથી અધિકતમ નિપુણતાની તરફ થાય છે. વિકાસની પ્રક્રિયા બધા સમાજોમાં બધા કાળોમાં કોઈ ને કોઈ સ્વરૂપમાં નિરંતર ચાલતી રહે છે. વિશ્વમાં જયાં જયાં સમાજ છે ત્યાં ત્યાં કોઈને કોઈ સ્વરૂપમાં વિકાસ થતો રહે છે.

(૨) બહુમુખી પ્રક્રિયા



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-102-october-2021/RRJ415464

સમાજશાસ્ત્રી જેનિસે લખ્યું છે આ સામાજિક એક બહુમુખી ખ્યાલ છે. એનો ઉપયોગ સામાજિક પરિવર્તનનું વિશ્લેષણ કરવા માટે, આંતર રાષ્ટ્રીય સ્તરે વિકાસશીલ રાષ્ટ્રોની પરિસ્થિતિઓ તથા ઉચ્ચ સ્તરીય ઔદ્યોગીકૃત દેશો જેવા સંયુકત રાજયો માટે કરી શકાય છે.

(૩) સમાજ સાપેક્ષ ખ્યાલ

વિકાસનો ખ્યાલ સમાજ સાથે સંબંધિત છે, કારણ કે વિભિન્ન સમાજોના વિકાસનું સ્તર.વિભિન્ન હોય છે.

(૪) બહુ વિજ્ઞાનીય ખ્યાલ

વિકાસ એક સર્વ સમાવેશી શબ્દ છે. જે માનવીય સમસ્યાઓના સમાધાન માટે પૂર્ણ દષ્ટિકોણનો સુજાવ આપે છે. વિકાસ પોતાનું સ્વરૂપ તથા ઉદ્દેશ્યોના કારણો, સામાજિક, શૈક્ષણિક, રાજકીય, ધાર્મિક ઘટકો સાથે સંબંધિત છે તથા એ બહુ વિજ્ઞાનીય દિશાને પ્રતિબિંબિત કરે છે. એમણે તારણરૂપે સુજાવ આપ્યો હતો કે વિકાસની પ્રક્રિયા જટીલતાપૂર્ણ પશ્ન છે જેમાં સામાજિક, રાજકીય અને વહીવટી તત્વો સમાયેલા છે.

(૫) કલ્યાણકારી તેમજ મૂલ્ય આધારિત પરિવર્તન

વિકાસ કાર્યક્રમો તેમ જ યોજનાઓનો ઉદ્દેશ્ય સમાજના પછાત વર્ગો, જાતિઓ જનજાતિઓ, બેકાર લોકો, મહિલાઓ, બાળકો, વૃદ્ધો, બિમાર લોકો, ગામઠા, શહેરો, અને શ્રમિકો વગેરેનું કલ્યાણ કરવાનું છે. એટલા માટે સામાજિક વિકાસને કલ્યાણકારી તેમજ મૂલ્ય પર આધારિત કાર્યક્રમો કહેવામાં આવે છે.

(૬) અનિચ્છનીય અવસ્થાઓમાં સુધારો

ગુન્નાર મિર્ઝાલે લખ્યું છે કે વિકાસની એક મહત્વપૂર્ણ વિશેષતાએ છે કે એના દ્વારા સામાજિક વ્યવસ્થામાં વિદ્યમાન અનેક અનિચ્છનીય અવસ્થાઓમાં સુધારો કરી શકાય છે. એમના મંતવ્ય મુજબ વિકાસનો અર્થમાં સામાજિક વ્યવસ્થામાં એવા અનેક અનિચ્છનીય અવસ્થાઓમાં કે પરિસ્થિતિઓમાં સુધારો કરવાનો છે. સમાજની અનિચ્છનીય અવસ્થાઓ નિર્ધનતા, બેકારી, કુપોષણ, નિરક્ષરતા વગેરે છે.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-102-october-2021/RRJ415464

(૭) એકીકૃત ખ્યાલ

કોઈ એક અંગ અથવા અવસ્થામાં વિકાસ કે વિનાશનો પ્રભાવ અન્ય અંગો અથવા અવસ્થાઓમાં પરિવર્તન લાવે છે. જો બેકારીને નિયંત્રિત ન કરવામાં આવે તો અન્ય સમસ્યાઓ નિર્ધનતા, નિરક્ષરતા, કુપોષણ વગેરે માં વૃદ્ધિ થશે. આ પ્રકારથી વિકાસ એક એવી પ્રક્રિયા છે જેના અનેક કારણ અને પ્રભાવ એકીકૃત સ્વરૂપે સંગઠીત થાય છે, તથા એકબીજાને પ્રભાવિત કરે છે તથા પ્રભાવિત થાય છે. એટલે વિદ્વાનોએ સામાજિક વિકાસનું એક મુખ્ય લક્ષણ એનું બહુમુખી તેમજ એકીકૃત થવા બતાવ્યું છે.

(૮) ભૌતિક પરિવર્તન

સામાજિક વિકાસનો સંબંધ માત્ર ભૌતિક જગતના પરિવર્તન સાથે છે. જેમ કે જીવન સ્તરમાં પરિવર્તન, ગરીબી નિવારણ, રોજગારીની તકોમાં વધારો, સમાજકલ્યાણ સુવિધાઓમાં સુધાર, અસમાનતાઓનું નિવારણ, પર્યાવરણ સંરક્ષણ વગેરે વિદ્વાનોના મત અનુસાર સામાજિક વિકાસનો સંબંધ ધર્મ, આધ્યાત્મિક અને અભૌતિક જાત સાથે નથી.

(૯) માપન શકય

કોઈ સમાજનો સામાજિક વિકાસ કેટલો થયો છે અથવા તે અન્ય સમાજની તુલનામાં કોઈ ક્ષેત્રોમાં કેટલો અધિક કે ઓછો વિકસિત છે એને માપી શકાય છે. સ્ટોકનું કહેવું છે કે વિકાસ એક ઘટનાની પરિણાત્મક વૃદ્ધિ બતાવે છે. માપનના ધોરણો અને સંદર્ભના એક નિશ્ચિત માળખામાં એક નિશ્ચિત પ્રકારના પરિવર્તનને બતાવતો શબ્દ વિકાસ છે.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-102-october-2021/RRJ415464